आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः

भारतीय विचार मंच

# વિચાર સંદેશ


વર્ષ : 2 * અંક : 15 * સપ્ટેમ્બર 2022 * યુગાબ્દ 5124

## આ અંકમાં વાંચો.

- વિદેશ મંત્રી શ્રી દ્વારા લેખિત પુસ્તકનું લોકાર્પણ.
- 'વિદેશની ધરતી પરથી લડાયેલો ભારતનો સ્વાધીનતા સંગ્રામ' ગોષ્ઠિ વૃત્ત.
- સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાત તથા દક્ષિણ ગુજરાતનાં કેન્દ્રોના કાર્યકર્તા અભ્યાસ વર્ગ.
- પુસ્તક પરિચય, 'हिन्दु राजनीति'











# વિચાર સંદેશ

વર્ષ : 2 અંક : 15
સપ્ટેમ્બર 2022 યુગાબ્દ 5124

**સંપાદક**
**પંકજ પુરોહિત**

લે-આઉટ અને ડિઝાઇન
વૈભવસિંહ ઠાકોર

## સંપાદકીય

સ્વાધીનતાના રાષ્ટ્રીય પર્વની સમગ્ર દેશમાં રંગેચંગે ઉજવણી થઇ. સંસ્થાગત તથા વ્યક્તિગત સ્તરે પણ સકારાત્મક સક્રિયતાના પરિણામે સ્વાધીનતાના માહાત્મ્યનો વ્યાપક પ્રચાર, પ્રસાર અને સ્વીકાર પણ થયો.

વૈચારિક ક્ષેત્રમાં પણ સ્વાધીનતાનાં વિવિધ પરિમાણો અંગે વર્ષભર સર્વગ્રાહી મંથન થયું. અને આ મંથન, રાષ્ટ્રની સ્વતંત્રતા તરફ ચાલી રહેલી યાત્રાની ગતિમાં નવું જોમ પૂરવાનું કારણ બની રહ્યું. આ અંકના કેન્દ્રશ: કાર્યક્રમોના વૃત્તમાં આની ઝલક જોઈ શકાશે.

ભારતીય વિચાર મંચના કાર્ય અંગે સ્પષ્ટતા તથા કાર્યકર્તાની સજ્જતા વધતી રહે તે હેતુથી નિયમિતપણે પ્રશિક્ષણ વર્ગોનું આયોજન થતું રહે છે. આ મહિને મધ્ય ગુજરાતનાં કેન્દ્રોનો આણંદ ખાતે, દક્ષિણ ગુજરાતનાં કેન્દ્રોનો સુરત ખાતે તથા સૌરાષ્ટ્ર કચ્છનાં કેન્દ્રો માટે મોરબી ખાતે એમ ત્રણ 'કાર્યકર્તા અભ્યાસ વર્ગ' યોજાયા. જેમાં વર્તમાન વૈશ્વિક વૈચારિક પ્રવાહો તથા વિશ્વ કલ્યાણક ભારતીય વિચાર સામે છદ્મવેશે ઊભા થઇ રહેલા પડકારો વિશે ગહન ચર્ચા પણ થઈ.

કાર્ય માટે પોતાની પાત્રતા તથા દક્ષતા સતત વધતી રહે તે હેતુથી પ્રયત્નશીલ કાર્યકર્તાઓને મહાભારતના એક શ્લોક સાથે સાદર પ્રણામ.

सुखंदु:खांतमालस्यंदाक्ष्यंदु:खंसुखोदयम्
भूति:श्रीह्रीर्धृति:कीर्तिर्दक्षेवसतिनालसे।।
– महाभारत शान्ति पर्व २७/३२

અર્થાત્

આળસ બધાં જ દુ:ખોનું મૂળ છે. શ્રી, હ્રી, ધૃતિ, કીર્તિ તથા ભૂતિનો વાસ દક્ષ પુરુષાર્થ પ્રાણીમાં જ થાય છે. આળસુમાં નહીં.

**3**

સહચિંતન

**6**

પુસ્તક લોકાર્પણ અને વ્યાખ્યાન

**19**

કેન્દ્રશઃ કાર્યક્રમો

**34**

પુસ્તક પરિચય

**36**

ઉત્તમ સાહિત્ય ઓનલાઇન ઉપલબ્ધ

**37**

વિચાર બોધ

आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः

भारतीय विचार मंच

# વિચાર સંદેશ

માસિક

**વ્યવસ્થાપક**

જ્વનિલ દ્વિવેદી

ભારતીય વિચાર મંચ, ૪, મયુર ચેમ્બર, ગાંધીગ્રામ રેલ્વે સ્ટેશન સામે, એલિસબ્રિજ, અમદાવાદ – ૩૮૦૦૦૯

ઈ મેઈલ :

bvmguj@gmail.com

7405862697

# સહચિંતન

વિચારસંદેશના પ્રત્યેક અંકમાં આપણે આપણાં કાર્યની સંખ્યાત્મક સ્થિતિ અને પ્રગતિની માહિતી મેળવીએ છીએ અને આનંદ અને ગૌરવ પ્રાપ્ત કરી છીએ. તેમાં કાંઇ ખોટું પણ નથી અને અજુગતું પણ નથી. સાથે સાથે જે સમાજકાર્ય-રાષ્ટ્રકાર્યમાં હું મારાં વ્યક્તિગત, પારિવારિક કામોમાંથી સમય કાઢી, સમાજકાર્યને પ્રાથમિકતા આપી કાર્ય કરી રહ્યો છું તેમાં હું એકલો નથી, મારા જેવા, કદાચ મારાં કરતાં પણ વધુ પારિવારિક કે સામાજિક સમસ્યાઓથી ગ્રસ્ત અન્ય અનેક બંધુ-ભગીની પણ નિષ્ઠાપૂર્વક જોડાએલા છે એ જાણીને આપણો ઉત્સાહ પણ વધે છે. આ બધું સ્વાભાવિક છે અને આવશ્યક પણ છે જ. પરંતુ એ જ વિચારસંદેશમાં આપણે સહચિંતનને નામે અને નિમિત્તે કિંચિત
આત્મચિંતન, સહચિંતન પણ કરીએ છીએ.

શું હેતુ છે આ સહચિંતનનો ? ચિંતનનો અર્થ છે  સ્વમૂલ્યાંકન, આત્મપરીક્ષણ, સહચિંતનનો અર્થ છે સામૂહિક સ્વરૂપે આત્મચિંતન, આ ચિંતન આપણે બધાએ  સામૂહિક સ્વરૂપે કરવાનું એક કારણ એ છે કે ભા. વિ. મંચનાં કાર્યકર્તારૂપે આપણે બધા એક છીએ. આમ પણ આપણે ત્યાં સૃષ્ટિનાં અસ્તિત્વને અને તેની વિવિધરૂપતાને વિવિધતામાં એકતા તરીકે નહી પણ એકનાં વિવિધ સ્વરૂપમાં જ જોઈ છે. અને એટલે સર્વ વિવિધતાઓનું  all are one  તરીકે નહીં પણ all is one તરીકે વર્ણન કર્યું છે. એટલે વિ. મંચનો કાર્યકર્તાસમૂહ અનેક કાર્યકર્તાઓની એકતા નહીં પણ બધા મળીને એક અને એકાત્મ છે. અને આ જ સંગઠનની શક્તિ છે, સંગઠનની વિશેષતા છે, સંગઠનની ભારતીયતા છે.

આ બધું જ હોવું જોઈએ એવું તત્ત્વ છે. પણ તે આજે છે એવું કહી શકવાની સ્થિતિમાં આપણે છીએ કે નહીં તે આપણા બધા માટે વ્યક્તિગત અને સામૂહિક ચિંતનનો વિષય છે, જો નથી એવું લાગે તો તે પ્રાપ્ત કરવા માટેનો પ્રયાસ એ જ આપણી સાધના છે. અને સાધના જ કોઇ પણ મહત્કાર્યનો પાયો(અધિષ્ઠાન)છે. અને કોઈ પણ રચનાનાં ટકાઉપણાંની ખાતરી તેનાં પાયાની મજબૂતી પર આધારિત છે. એટલે જ ભારતીય ચિંતનમાં પાયાની દ્રઢતાને જ સૌથી વધુ પ્રાથમિકતા અપાઈ છે અને દૈવ(ભાગ્ય)ને અંતિમ સ્થાન અપાયું છે.

अधिष्ठानं तथा कर्ता करणं च  पृथ्गविधम,<br>
विविधा च पृथ्गचेष्टा दैवं चैवात्र पंचमं | ||

એટલે આ વખતે આપણે બે ત્રણ વાતોનો વિચાર કરીએ.

કોઈ પણ સત્કાર્ય અનુપમેય ત્યાગ, કઠોર પરિશ્રમ, પસંદ કરેલાં ધ્યેય અને કાર્ય તથા કાર્યપદ્ધતિ ઉપરની એકાંતિક નિષ્ઠાને આધારે જ ઊભું થાય છે અને તેને આધારે જ તેની યોગ્ય માર્ગ પર પ્રગતિ થાય છે. વિવિધ ઉપકરણો અને ક્રિયાકલાપો 'करणं च  पृथ्गविधम, विविधा च पृथ्गचेष्टा'નું મહત્ત્વ તો છે જ પણ અધિષ્ઠાન અને કર્તા એ જ સૌથી મહત્ત્વના છે. પહેલું અધિષ્ઠાન અને બીજું એ અધિષ્ઠાનને સમજેલો કાર્યકર્તા. અધિષ્ઠાનને ન સમજેલો કર્તા કાર્યને આગળ લઈ જવામાં કેટલોક સહાયક થઈ શકે તે પણ એક વિચાર માંગતો પ્રશ્ન છે. કારણ માત્ર ગતિ વધારે હોવી એ જ પ્રગતિ નથી, દિશા જો યોગ્ય ન હોય તો વધુ ગતિ ખોટી દિશા તરફ અથવા પતન તરફ વધુ ગતિથી લઈ જાય છે. એટલે યોગ્ય દિશા જાણતો અને સમજતો અથવા જાણવા અથવા સમજવા પ્રયત્નશીલ કાર્યકર્તા. કારણ યોગ્ય દિશામાં ગતિ જ પ્રગતિ છે. એ ગતિ ઓછી હશે તો પ્રગતિનાં ચરમ પર પહોંચવામાં કદાચ આપણી કલ્પના પ્રમાણેના સમય કરતા વધુ સમય લાગશે પણ નિશ્ચિત ગંતવ્ય પર પહોંચવાની બાબતમાં આપણે નિશ્ચિંત રહી શકીશું.

કર્તા(કાર્યકર્તા)માટે બીજી મહત્ત્વની વાત છે. ગંતવ્ય ઉપર પહોંચવાની શ્રદ્ધાની સાથે સાથે તેને માટે કદાચ એ માર્ગ કંટકાકીર્ણ(કષ્ટમય) હોય તો પણ  નિશ્ચિત જ માર્ગે જ ચાલવાની પ્રતિબદ્ધતા. કારણ માત્ર અકર્મણ્ય(ગતિહીન) શ્રદ્ધા લક્ષ્ય

સુધી પહોંચાડવા પૂરતી નથી. અને આ પ્રતિબદ્ધતા એ અવિરત સાધના માગી લેતો વિષય છે. અને આત્મચિંતન એ જ આ સાધના છે.

સરળ અને સુવિધાપૂર્ણ માર્ગનાં આકર્ષણથી લક્ષ્ય બાબતે સમાધાન કરવા માટે મનને તૈયાર કરનારી અને તે માટે અનેક તર્ક(દલીલો)શોધી કાઢનારી વ્યક્તિ કદાચ કંટકાકીર્ણ માર્ગથી બચી પણ શકે છે, તેને માટેનો ગર્વ પણ અનુભવી શકે છે, અને એ લક્ષ્યને પૂર્ણપણે ન સમજનારા અને જેને તે લક્ષ્ય સાથે કોઈ ખાસ લેવાદેવા નથી તેવા જનસમૂહને પ્રભાવિત પણ કરી શકે છે, તેના દ્વારા પ્રશંસા પણ પ્રાપ્ત કરી શકે છે. પરંતુ પોતાનો અને સંગઠનનો પ્રવાસ ધ્યેયપ્રાપ્તિ સુધી લઈ જઈ શકતો નથી. જો તે પ્રામાણિક હોય તો બીજાને તો પ્રભાવિત અને સંતુષ્ટ કરી શકે છે પણ આત્મસંતોષ પ્રાપ્ત કરી શકતો નથી. પોતાને જ પ્રભાવિત કરી શકવાનો તો પ્રશ્ન જ ઊઠતો નથી.

ગીતાપ્રણિત ઉપરોક્ત શ્લોકમાં જે બીજા ક્રમમાં કર્તા તરીકે સંબોધાયો છે તે કર્તા એટલે કાર્યકર્તા, એટલે કે આપણે બધા. આ કર્તાનો ક્રમ બીજો છે. એ બીજો ક્રમ તેનું મહત્ત્વ સમજવનારો છે. પ્રથમ ક્રમે જે છે તે અધિષ્ઠાન તો દેવનિર્મિત છે. એટલે તેની યોગ્યતા આયોગ્યતાની કે સફળતા કે નિષ્ફળતાની જવાબદારી આ કર્તા કે કાર્યકર્તાની નથી. એટલે તેની સફળતાનો યશ પણ તેનો નથી, અપયશ પણ તેનો નથી. તો આખી રચનામાં કર્તા(કાર્યકર્તા) પાસેથી અધિષ્ઠાતાની શું અપેક્ષા છે ? ભગવદ્ગીતામાં તે અત્યંત નિર્મમપણે સ્પષ્ટ કર્યું છે.

મહાભારત યુદ્ધનો હીરો(નાયક) જેને કહી શકાય તે છે અર્જુન એટલે તે કર્તા છે. યુદ્ધ પ્રારંભ પૂર્વે આ બધા મારાં સ્વજનોનો સંહાર હું કરીશ, મારા હાથે થશે એ ભાવ એના મનમાં જાગે છે, પરિણામો અને યશ અપયશની(કદાચ પાપપુણ્યની) કલ્પના તેને આવે છે અને તે ગલિતગાત્ર થઈ જાય છે, ગાંડીવ તેનાં હાથમાંથી સરી જાય છે અને યુદ્ધમાંથી પ્રવૃત્ત થઈ યુગગ્રન્થ ભાગવદ્ગીતાની નિર્મિતિનું નિમિત્ત બની જાય છે. અધિષ્ઠાતાને ખબર છે કે તે કાયર કે ડરપોક હોવાથી શસ્ત્ર છોડી રહ્યો નથી પણ વૈચારિક અસ્પષ્ટતાને કારણે કર્તા(કાર્યકર્તા) ભાવ ગુમાવીને નિમિત્ત બનવાનું મહાભાગ્ય ગુમાવી રહ્યો છે. તેથી અધિષ્ઠાતા તેને ખડબડાવીને જગાડતા કહે છે, અરે, તું જેમનાં મૃત્યુનું કે સંહારનું કારણ બનવાની બીકે ગલિતગાત્ર થયો છે તેમનો સંહાર તો હું ક્યારનો કરી ચૂક્યો છું. તારે તો માત્ર તેનો યશ લેવાનો છે, માત્ર નિમિત્ત બનવાનું છે. मैयैवैते निहता: पूर्वमेव निमित्तमात्रं भव सव्य साचीन्' તું તો માત્ર નિમિત્ત જ છે. કર્તા(કાર્યકર્તા) પાસેથી તેની આટલી જ અપેક્ષા છે.

હવે આપણી તરફથી વિચાર કરવાનો. આ જે અપેક્ષા આપણી પાસેથી વ્યક્ત કરી છે તેનાં સંદર્ભમાં આપણે ક્યાં ઊભા છીએ ? કેટલું આગળ જવાની શક્યતા અને આવશ્યકતા છે.

એક ભાવ તો એ છે કે તું કર્તા નથી એટલે યશ-અપયશ બંનેનો વિચાર તારે માથે નથી તેથી આશાનિરાશાથી દૂર રહેવાનો પ્રયાસ આવશ્યક છે. 'યશ અપયશ વિધિ હાથ'

બીજું એટલે, તેણે તો બધું પતાવી દીધું છે એટલે 'હું કરું, હું કરું' અને 'મેં કર્યું, મેં કર્યું' ના ભાવથી દૂર રહેવાનો પ્રયાસ. કવિ કહે છે, 'હું કરુ હું કરુ એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જ્યમ શ્વાન તાણે'

આ અધિષ્ઠાતાની કર્તા(કાર્યકર્તા) પાસેથી અપેક્ષા છે.

ત્રીજી પ્રાથમિકતા આપી છે 'करणं'ને આ કરણ માટે સામાન્યત: વપરાતો બીજો શબ્દ છે ઉપકરણ. ઉપકરણ એટલે ઈશ્વર્યપ્રદત્ત કરણને સહાયક થનારું, તેની પૂર્ણશક્તિના ઉપયોગ માટે આવશ્યક એવી વસ્તુ. દા. ત. આંખ करण છે તો ચશ્મા ઉપકરણ છે. કાન करण છે તો ઇયરફોન્સ ઉપકરણ છે. પગ करण છે તો વિવિધ વાહનો ઉપકરણ છે, વાણી करण છે તો ધ્વનિવર્ધક ઉપકરણ છે. આ ઉપકરણની વિવિધતાને અધિષ્ઠાતાએ માત્ર સ્વીકારી જ નથી તો તેની અપેક્ષા પણ રાખી છે. પરંતુ મૂળ તો અધિષ્ઠાતાપ્રદત્ત 'करणं' જ છે અને કર્તાને પ્રદત્ત ઉપકરણોનો અધિષ્ઠાતાને એકમાત્ર અપેક્ષિત ઉપયોગ છે, અધિષ્ઠાનની(મૂળ ધ્યેયની) સફળતામાં તેનું પૂર્ણ યોગદાન(ફાળો). તો કર્તા, करणं તેને સહાયક ઉપકરણો બધાં જ તો માત્ર સાધનો છે અને તે સાધનો તો અધિષ્ઠાતા પ્રદત્ત અધિષ્ઠાનના વિજય માટેનાં , સફળતા માટેનાં સાધનમાત્ર છે. આ બધાની નિર્મિતિ માત્ર અધિષ્ઠાનની સફળતા માટેનાં નિમિત્ત બની રહેવામાં છે, અને તેમાં જ પોતાને ભાગ્યવાન સમજવામાં છે. ચોથી અપેક્ષા છે, विविधा च पृथगचेष्टा.

ચેષ્ઠાનો અર્થ આપણે વિવિધ પ્રયોગો એવો કરી શકીએ . અધિષ્ઠાનને સમજી, 'करणं'નો પૂર્ણ ઉપયોગ એટલે કે ઈશ્વર્યપ્રદત્ત શક્તિનો આવશ્યકતાનુસાર ઉપકરણોનો પૂર્ણ ઉપયોગ કરી, તેની શક્તિ વધારી તેને આધારે અધિષ્ઠાન(પાયાગત કાર્ય) નું દ્રઢીકરણ કરી આવશ્યક પડે તો અધર્મનો વિનાશ ધર્મવિજય સિદ્ધ કરી તેને આધારે તે સર્વ સૃષ્ટિનાં કલ્યાણનાં, મંગલનાં ઈશ્વરીય કાર્ય(અધિષ્ઠાતાનું કાર્ય)નાં નિમિત્ત બનવાની તકને મહાભાગ્ય કે સૃષ્ટિનિર્માતાની આપણા પરની મહાકૃપા માની તે લક્ષ્ય સુધી પહોંચવા માટેના કંટકાકીર્ણ માર્ગનો સ્વીકાર સ્વીકાર કરીએ.
આ નિરંતર અને કઠીન સાધના છે. અધિષ્ઠાતા જેમને આ ધર્મવિજય અને તેને આધારે વિશ્વકલ્યાણના નિમિત્ત બનાવવા ઈચ્છે છે તેમની પાસેથી તેઓ આ લક્ષ્યસિદ્ધિનું નિમિત્ત બનવા માટે યોગ્ય છે એવી શ્રદ્ધા રાખી અપેક્ષા રાખે છે. એટલે આપણે જો અધિષ્ઠાન(મૂળ કાર્ય), તેની પ્રતિષ્ઠાપના માટે કર્તા તરીકેની આપણી યોગ્યતા, આપણેને તેની કૃપાથી પ્રાપ્ત થએલાં 'करणं' અને ઉપકરણોના દુરુપયોગથી બચીશું અને યોગ્ય ઉપયોગ કરીશું તો અધિષ્ઠાતા ખાતરી આપે છે, '(दैवं चैवात्र पंचमं). દૈવ, ભાગ્ય,- ઇશકૃપા એ તો આપણી પાછળ સદૈવ ઊભી જ છે. પરંતુ એની પ્રથમિકતાનો ક્રમ છેલ્લો(પાંચમો) છે અને પ્રથમ ચાર પર આધારિત છે, કર્તાની તપસ્યા, જરૂર પડે તો ઉપકરણોની સહાયતા લઈ વધારેલી 'करणं'ની શક્તિનો ઉપયોગ, એ શક્તિના મહત્તમ ઉપયોગને સહારે નિરંતર થઈ રહેલી पृथ्याचेष्ठा, (નિત્યનવીન પ્રયોગો)ની બાબતમાં જો કર્તા(ઉત્તીર્ણ)થશે તો '(दैवं चैवात्र पंचमं). દૈવ, ભાગ્ય,- ઇશકૃપા એ તો આપણી પાછળ સદૈવ ઊભી જ છે. એના સ્વરૂપે અધિષ્ઠાતા પોતે ઊભો છે અને આ બધાનું પરિણામ? તે બાબતે મહાભારતમાં જુદા જુદા સંદર્ભમાં જુદા જુદા મહાપુરુષો કહે છે અથવા તેમનાં સ્વરૂપે ઇશ પોતે કહે છે, यतो धर्मस्ततो कृष्ण: यतो कृष्ण: स्ततो जय : |
એક રીતે તેનાં દ્વારા અપેક્ષિત બાકીની બધી વાતો તરફ જો કર્તા(કાર્યકર્તા-આપણે) સતર્ક, નિત્યજાગ્રત અને પ્રતિબદ્ધ રહીએ તો તે ધર્મ ધર્મકાર્ય તરફની પ્રતિબદ્ધતા હશે, આપણાં સર્વોચ્ચ ન્યાયાલયે પણ આ સ્વીકાર્યું છે કે 'यतो धर्मस्ततो जय :'
મને લાગે છે કે આ સામગ્રી ચિંતનની દિશા માટે અને પ્રતિબદ્ધતા માટે પૂરતી છે. આપણને ધર્મવિજયનાં ઇશકાર્યના નિમિત્ત બનાવી અધિષ્ઠાતા પોતાનો યશ આપણને આપી રહ્યો છે, તેનો માર્ગ બતાવી રહ્યો છે અને તે માર્ગ પર ચાલશો તો અર્જુનના સારથીની જેમ આપણો પણ સારથી બની જ રહેશે તેવું વચન આપએ છે.
હવે આ તાત્ત્વિક સામગ્રી પર ચિંતન કરીએ અને આપણે, આપણાં કરણો, આપણે યુગનુકૂલ માનીને સ્વીકારેલાં ઉપકરણો અને તેને આધારે નિશ્ચિત કરેલી पृथ्याचेष्ठा(વિવિધ પ્રવૃત્તિઓ)અધિષ્ઠાનપૂર્તિ માટે એટલે કે ધર્મના વિજય માટે એટલે કે તેનું ઇશપ્રેરક વિશ્વકલ્યાણક ઈશ્વરીય કાર્ય માટે યોગ્ય અને પૂરક છે કે નહી તેનું એ જ કસોટી કસીને સતત પરીક્ષણ કરતાં રહીએ, યોગ્ય અને પૂરક નથી એવી અનુભૂતિ થાય તો અને ત્યારે તેના સર્વાંગીણ ત્યાગ માટે નિત્યસિદ્ધ(સદા તત્પર) રહીએ, કૌરવો ધર્મમાર્ગે નથી એ બાબતમાં બધાં જ પ્રકારની સ્પષ્ટતા હોવા છતાં, ધર્મ ત્યાં છે એટલે જ કૃષ્ણ સામે ત્યાં છે એ બાબતે સંપૂર્ણ સ્પષ્ટતા અને સ્વીકાર્યતા હોવા છતાં અને બાણશૈયા પર સુવા વિવશ (લાચાર)એવા ભીષ્મપિતામહ પણ 'अर्थस्य पुरुषो दास:' ( એટલે કે અધર્મપક્ષનો રોટલો પેટમાં પડવાને કારણે આવેલું દાસત્વ) કહીને અધર્મપક્ષ છોડી ન શક્યા તે બતાવે છે કે ઉપકરણોની અશુદ્ધતા ભીષ્મને પણ અધર્મના દાસ બનાવવા શક્તિમાન છે.


આપણે જો ઇશકાર્યનું નિમિત્ત બનવાનું સૌભાગ્ય પામી શક્યા હોઈએ તો આપણું વ્યક્તિગત, પારિવારિક, વ્યાવસાયિક, સામાજિક જીવન આપણને ક્યાંય 'अर्थस्य पुरुषो दास:' બનવા વિવશ ન કરે તે માટે ચિંતન કરતા રહીએ એ જ એક માર્ગ છે. અને એકમાત્ર માર્ગ છે. તે કઠીન છે કારણ ચિંતન હંમેશાં પહેલો પુરુષ એકવચનથી એટલે કે પોતાનાથી શરૂ થાય છે અને આપણું મન હંમેશાં આપણને તેનાથી દૂર લઈ જવાનો પ્રયત્ન કરતું જ રહે છે. એટલે નિત્યજાગ્રતિ એ જ એક માત્ર માર્ગ છે. આ નિત્ય જાગ્રતિ આપણને ધર્મવીજયનું નિમિત્ત બનવાનું ભાગ્ય પ્રાપ્ત કરાવી દેશે. એમાં થનારો પ્રમાદ ક્યાં લઈ જશે તે ઓક્ટોબર વિજયાદશમી પર્વ નિમિત્તે વિચારીશું.
એ નિમિત્તે આવેલા થોડા વિચારો આપની સામે મૂક્યા છે. આ ઉપદેશ નથી, સહચિંતન માટે કદાચ ઉપયોગી થઈ શકે તેવા મુદ્દામાત્ર છે.
પ્રણામ
ચિંતનયાત્રામાં આપનો સાથી કાર્યકર્તા.

# ભારતીય વિચાર મંચ - ગુજરાત પ્રાંત

## પુસ્તક લોકાર્પણ અને વ્યાખ્યાન


ભારતીય વિચાર મંચ, ફાઉન્ડેશન ફોર પબ્લિક અવેરનેસ એન્ડ પોલીસી તથા આર.આર. શેઠ એન્ડ કંપની પ્રા. લિ. ના સયુંકત ઉપક્રમે તા. ૪/૯/૨૦૨૨, રવિવારના રોજ 'અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન' ખાતે ભારતના વિદેશ પ્રધાન એસ. જયશંકર દ્વારા લિખિત પુસ્તક, The India Way: Strategies for an Uncertain World ના ગુજરાતી અનુવાદ, 'નવા ભારતની રણનીતિ' પુસ્તકના વિમોચનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે પુસ્તકના લેખક શ્રી એસ. જયશંકર ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ ૧૦.૨૦ થી ૧૨.૦૦ વાગ્યા સુધી ચાલ્યો જેમાં ૪૦૦ જેટલા પ્રબુદ્ધજનો ઉપસ્થિત રહ્યા.








આ પ્રસંગે ઉપસ્થિત વિદેશમંત્રી શ્રી એસ.જયશંકરે જણાવ્યું હતું કે, ડિપ્લોમેસીમાં વિતાવેલી જીંદગીના અનુભવો આ પુસ્તકમાં લખવામાં આવ્યાં છે. વર્ષ ૨૦૧૪ પછી ભારત અને ભારતની વિદેશ નીતિનો નવા યુગમાં પ્રવેશ થયો છે તેને જાહેર જનતા સમક્ષ લાવવી જરૂરી છે. વિદેશ નીતિની ચર્ચા સમગ્ર દેશમાં માત્ર દિલ્હીમાં થાય છે પરંતુ મારો



ઈરાદો તેને પ્રજા સમક્ષ મુકવાનો છે. જાન્યુઆરી ૨૦૧૮માં નિવૃત્તિ બાદ ૨૦૧૮-૧૯માં વિવિધ દેશોમાં ફર્યો હતો અને અનેક ભાષણોમાં ઉપસ્થિત રહ્યો હતો. તેમાં જે પ્રતિભાવો મળ્યા તેનો આ પુસ્તકમાં ઉલ્લેખ કર્યો છે.





તેમણે કહ્યું કે, ચાઈના વિશે પણ પુસ્તકમાં ઉલ્લેખ કર્યો છે, આપણો સુપર પડોશી દેશ છે. તેમની તાકાત, અર્થતંત્ર, પ્રગતિ અને ઉન્નતિનો અભ્યાસ કરવો જોઈએ. તેમણે ઉમેર્યું કે, જાપાન વિશે કોઈ લખતું નથી પરંતુ મે જાપાન વિશે લખવાનો પ્રયાસ કર્યો છે. દેશની પ્રજાના વિચાર જાપાન સાથે જોડાશે તો ભારત અને જાપાનના સંબંધ વધારે મજબુત બનશે. આપણે હિંદ મહાસાગર વિશે વિચારીએ છીએ, હાલ ૫૦ ટકાથી વધુ વેપાર પૂર્વ તરફ થાય છે, પરંતુ વિકાસ માટે ઐતિહાસિક સીમાને પાર કરવી ખુબ જ જરૂરી છે. ભારતના ભાગલા, ઈકોનોમી રિફોર્મ અને ન્યૂક્લીયર ડીલના કારણે દેશને ભારે અસર થઈ છે. તેના પરિણામો આજે આપણે જોઈ રહ્યા છીએ. હવે કેવી રીતે આગળ વધવું તેની રણનીતિ હોવી જોઈએ. પ્રધાનમંત્રી મોદીની સરકારનું માનવું છે કે, પાડોશી પ્રથમ હોવો જોઈએ. એટલે આપણે પ્રથમ પાડોશી દેશો અને પછી થોડા દુરના પાડોશી દેશો સાથે સંબંધ વધારે મજબુત બનાવી રહ્યાં છીએ. આપણા હિતને આગળ વધારવા માટે બધાની સાથે સારા સંબંધ રાખવા જરૂરી છે. આમ દુનિયામાં વિદેશ નીતિ ‘સબકા સાથ, સબકા વિશ્વાસ'ની પોલીસીથી ચાલે છે. દુનિયા આપણા વિશે વ્યાખ્યા કરશે કે આપણે પોતાને વ્યાખ્યાયિત કરીશું, તે સૌથી મોટો પડકાર છે. મહાભારતને કુટનીતિની રીતે જોઈએ તો આટલી સારી કથા દુનિયામાં ક્યાં નહીં મળે, તેનો આપણે જ ગર્વ નહીં લઈએ તો દુનિયા કેવી રીતે તેનો ગર્વ લેશે. દુનિયા મહાભારત વિશે જાણે છે પણ નાના-નાના ભાગમાં જાણે છે, પરંતુ તેનું સમગ્ર ચિત્ર દુનિયા સામે લાવવું મહત્વનું છે. દુનિયાની સ્થિતિ અને મહાભારતની કથા એક સમાન છે, અર્જુનની સમસ્યા હતી કે, યુદ્ધ કેવી રીતે કરવું અને તેનું શું પરિણામ આવશે. દુનિયાના રાજકારણમાં પણ આ સમસ્યા છે, એટલે વિવિધ દેશો પોતાના હિતને વધારે મહત્વ આપીને સંબંધ મજબુત કરવાના પ્રયાસો કરે છે. રાજકારણમાં ક્યારેક એવી પણ પરિસ્થિતિ આવે છે ત્યારે કઠોર નિર્ણય લેવા પડે છે. હવે ફરીથી પુસ્તક લખીશ તો ચોક્કસ રામાયણ ઉપર લખીશ, તેમાં પણ વિજ્ઞાન અને રાજનીતિ સહિતના મુદ્દા છે.







RESERVED

તેમણે વિદેશ અભ્યાસ કરતા ભારતીય વિદ્યાર્થીઓ મુદ્દે કહ્યું હતું કે, હું તેમને ભારતની મિલકત તરીકે જોઉં છું, આજે દુનિયાના વિવિધ દેશોમાં ભારતીયો વસવાટ કરે છે અને તેમને ભારત તરફ શ્રદ્ધા છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી વિદેશ પ્રવાસે જાય છે ત્યારે તેઓ જે કામથી ગયા હોય તે પૂર્ણ કરવાની સાથે જે તે દેશ-શહેરના સુંદર સ્થળો પર જવાનું પસંદ કરે છે અને તેમની ઉપલબ્ધિને ભારતમાં લાવવાનો પ્રયાસ કરે છે. તેમણે વધુમાં કહ્યું કે, આગામી ૨૫ વર્ષમાં ભારત દુનિયાના સૌથી મોટી ૩ ઈકોનોમી ધરાવતા દેશોમાં સામેલ હશે. આપણી પાસે ટેકનોલોજીની સાથે ટેલેન્ટ પણ છે, હાલ દેશમાં જેટલી પણ પ્રગતિ થાય છે તેને દુનિયા જોઇ રહી છે. દેશમાં એકતા ખુબ જ મહત્વની છે, તો તમામ પડકારોનો સામનો કરી શકીશું






सुब्रह्मण्यम जयशंकर
નવા
ભારતની
રણનીતિ



में आप सभी प्रबुद्धजनों को हम सादर आमंत्रित करते हैं।
लेखक एवं वक्ता :
दिनांक & समय
04 सितम्बर 2022, रविवार,
सुबह 10.30 से 12.00
સુબ્રહ્મણ્યમ જયશંકર
નવા
ભારતની
રણનીતિ
लोकार्पण कर्ता :
श्री भूपेन्द्रभाई पटेल
(मुख्यमंत्री, गुजरात)
स्थान :
जे बी ऑडिटोरियम, अहमदाबाद मैनेजमेंट
असोसिएशन, वस्त्रापुर, अमदावाद






ડૉ. વિજયભાઇ ચૌથાઈવાલેએ પુસ્તકની ભૂમિકા આપી હતી. આ ઉપરાંત આર. આર. શેઠ એન્ડ કંપનીના નિયામક ચિંતનભાઈ શેઠે શાબ્દિક સ્વાગત કર્યું હતું. ભારતીય વિચાર મંચ ના પ્રાંત ઉપાધ્યક્ષ શ્રી સુનિલભાઈ શાહે આભાર વિધિ કરી હતી. કાર્યક્રમનું સંચાલન ભારતીય વિચાર મંચ, અમદાવાદ શહેર અધ્યક્ષ ડૉ. શિરીશભાઇ કાશીકારે કર્યું હતું.

કાર્યક્રમ નું સંપૂર્ણ વીડિયો નીચે આપેલી લિંક પર જોવા મળશે:
https://youtu.be/auo9tuESJGo


भारतीय विचार मंच
आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः
दिनांक : 04 सितम्बर 2022, रविवार
पुस्तक लोकार्पण एवं व्याख्यान
सुब्रह्मण्यम જયશંકર
નવા
ભારતની
રણનીતિ
लेखक एवं वक्ता :
श्री डॉ. एस. जयशंकर
(विदेश मंत्री, भारत सरकार)
लोकार्पण कर्ता :
श्री भूपेन्द्रभाई पटेल
(मुख्यमंत्री, गुजरात)
F P
A P

# Indo-Pacific is the new strategic concept: Jaishankar

TIMES NEWS NETWORK

**Gandhinagar:** External affairs minister S Jaishankar said on Sunday that like the Indian Ocean, the Pacific Ocean should also figure in matters concerning India's maritime interests. Stating that talking of only the Indian Ocean while discussing India's maritime interests reflects a limitation of thinking and the country should go beyond this historical line of thinking.

**MARITIME INTERESTS**

"Indo-Pacific is a new strategic concept going on in the world," he said at a function to unveil the Gujarati translation of his book, 'The India Way: Strategies for an Uncertain World.'

"So far, we think about the Indian Ocean whenever we think about oceans. This is the limitation of our thinking... More than 50 per cent of our trade goes towards the East, towards the Pacific Ocean. The line between the Indian Ocean and Pacific Ocean is only on the map, exists on an atlas, but there is no such thing in reality...," he said. He also quoted a line from his book which says, "Engage America, manage China, cultivate Europe, reassure Russia, bring in Japan,", and said that "this is 'sabka saath and sabka vishwas' in Indian foreign policy."

"It is possible that we did not have the capacity and it was not in our interest in the 1950s and 1960s, but some days back we became the fifth largest economy. The thinking of someone on the 20th number and 5th number cannot be the same. We should change according to our capacity," he said. Talking about China, Jaishankar said it is India's "super neighbour" and there is a lesson to learn from its progress. "China's economy is more than four times our own. I believe that our thinking should be competitive rather than negative," he said.

TOI



External affairs minister S Jaishankar (second from left) on Sunday launched the Gujarati translation of his book, 'The India Way: Strategies for an Uncertain World' at a function in Ahmedabad

સોમવાર, તા.૫ સપ્ટેમ્બર, ૨૦૨૨

જૂની વિચારણા છોડી વિદેશનીતિ ઘડવી જરૂરી : એસ. જયશંકર

## દરેક દેશ સાથે સંબંધોની તુલના કરી દેશ હિતને પ્રાથમિકતા આપવી પડશે

અમદાવાદ, રવિવાર

આઝાદી સમયે દેશનું 'વિભાજન, આર્થિક સુધારણામાં લગભગ ૧૫ વર્ષ જેટલું મોડું થવું અને પરમાણુ શક્તિ તરીકે પ્રસ્થાપિત થવામાં વિલંબ આ ત્રણ એવી ચીજો છે કે જેની દેશના સામાજિક અને આર્થિક વિકાસ ઉપર અસર થઈ છે અને તેનાથી દેશને નુકસાન થયું છે, એમ દેશના વિદેશ મંત્રી એસ. જયશંકરે આજે અમદાવાદ ખાતે જણાવ્યું હતું.

ભારત હવે એવા મૂકામ ઉપર છે જયારે તેણે દરેક દેશો સાથે સંબંધો સ્થાપિત કરી, જાળવી આગળ વધવાનું છે. આગળ વધવા પોતાના હિતોની પ્રાથમિકતા આપી સાથે ચાલવાનો સમય આવ્યો છે એમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

અમદાવાદ ખાતે વિદેશ મંત્રી એસ. જયશંકરના પુસ્તક ઈન્ડિયા વેથ સ્ટ્રેટેજીસ ફોર અનસર્ટેન વર્લ્ડના ગુજરાતીમાં અનુવાદિત પુસ્તકના વિમોચન પ્રસંગે તેમણે આ વાત કરી હતી. 'ભારત માટે ચીન એક સુપર પાડોશી છે. માત્ર સરહદ નહી પણ આર્થિક રીતે પણ તેનો પ્રભાવ જોવા મળી રહ્યો છે. આર્થિક વિકાસમાં ભારત અને ચીનની સરખામણી થતી આવી રહી છે. પણ મારૂં માનવું છે કે ભારત કરતા ચીનમાં આર્થિક સુધારણા પહેલા શરૂ થઈ હતી. ભારતે આ માટે બીજા ૧૫ વર્ષ જેટલો સમય લીધો. બીજું, ચીનના આર્થિક સુધારા વધારે વ્યાપક હતા એટલે પણ ભારત તેના કરતા પાછળ રહી ગયું છે,' એમ જયશંકરે જણાવ્યું હતું.

એસ. જયશંકરે ભારત સરકારમાં ૩૮ વર્ષ સુધી ડીપ્લોમેટ તરીકે, દેશના ચીન, સિંગાપોર, અમેરિકા અને જાપાન તરીકેના રાજદૂત તરીકે અને નિવૃત્તિ પહેલા દેશના વિદેશ સચિવ તરીકે ફરજ બજાવી હતી. પોતાના પુસ્તકમાં તેમણે ભારતના પૌરાણિક ઈતિહાસ અને તેના સંદેશ થકી ભારત વૈશ્વિક રીતે અનિશ્ચિત સમયમાં પોતાના માર્ગ કેવી રીતે કાઢી આગળ વધી શકે તે અંગે ચાર દાયકાના અનુભવના આધારે પોતાના વિચાર રજુ

(અનુસંધાન છટ્ઠે પાને)

### નરેન્દ્ર મોદીએ પ્રથમ દિવસે જ જૂના વિચારોને પડકાર્યા

'૨૦૧૪માં જ્યારે નરેન્દ્ર મોદી પીએમ બન્યા ત્યારે તેમણે શપથ સમારંભમાં પડોશી દેશના વડાપ્રધાનોને આમંત્રણ આપ્યું હતું. નરેન્દ્ર મોદીના આ નિર્ણયથી વિદેશ મંત્રાલયના અધિકારીઓ પણ વિચારમાં પડી ગયા હતા કેમ કે આ એક અલગ આઈડિયા હતો. અત્યાર સુધી ભારતમાં આવુ થયું ન હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રથમ દિવસે જ જુના વિચારોને ચેલેન્જ કર્યા હતા. દુનિયા સાથેના વ્યવહાર મુદ્દે વિદેશનીતિમાં કેવી રીતે વિચાર બદલવા અને સ્વભાવ તેનું મહત્વનું હોય છે,' એમ તેમણે ઉમેર્યુ હતું.



### વિભાજન, આર્થિક સુધારા અને પરમાણું શક્તિ અંગેના મોડા નિર્ણયથી દેશને નુકસાન થયું

સચિવાલયમાં ચાલતી ચર્ચા મુજબ

## ...ુજરાતમાં ૩૧મી ઓક્ટોબર બાદ ...ટણી આચારસંહિતા લાગશે

અમદાવાદ, રવિવાર

...ડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હીમાં સત્તાના સૂત્રો સંભાળ્યા ...૧ ઓક્ટોબર, ૨૦૧૪ના દિવસને રાષ્ટ્રીય એકતા દિવસ ... કર્યો હતો. અને ત્યારબાદ સમગ્ર રાષ્ટ્રમાં એ દિવસની ...

ખાતે સરદાર પટેલની વિશ્વની સૌથી ઊંચામાં ઊંચી પ્રતિમાનું લોકાર્પણ કર્યા બાદ હવે આસપાસના સંકુલને ટુરિઝમ અને સર્વિસ ઈન્ડસ્ટ્રીઝ માટે તથા સ્પોટ્ર્સ કોમ્પલેક્સ તરીકે વિકસાવવામાં આવ્યું છે. ...

TIMES NOW | India

Latest News **India** Business Education Entertainme

**TRENDING:** Asia Cup 2022 Teachers' Day speech N

**TN National Desk**
Updated Sep 5, 2022 | 07:47 AM IST




*External Affairs Minister Dr S Jaishankar*

Photo : ANI

**New Delhi:** *External Affairs Minister S Jaishankar* on Sunday lauded the Narendra Modi-led government, asserting that it was 'a great strength' to hold the post at this time. The diplomat-turned-politician highlighted India's *foreign policy*, adding that the time has gone when the country used to 'keep national interest aside for vote bank politics'.

"I will envy the p OPEN IN APP s the *Foreign Minister* in 2047, but I'll tell you one

---

जागरण LOGIN


होम ताज़ा राष्ट्रीय स्पेशल **शेयर बाजार** प्राइम न्यूज़ पॉ

यशस्वी प्रधान Square Yards टॉप-डील्स पॉजिटिव ख़बरें रुस-यूक्रेन

# वर्ल्ड का गुजराती अनुवाद लान्च किया

विदेश मंत्री एस जयशंकर ने रविवार को गुजरात में अपनी पुस्तक द इंडिया वे स्ट्रेटेजीज फार एन अनसर्टेन वर्ल्ड का गुजराती अनुवाद लान्च किया। जयशंकर ने ट्वीट किया मेरी किताब द इंडिया वे स्ट्रेटेजीज फार एन अनसर्टेन वर्ल्ड का गुजराती अनुवाद लान्च करते हुए ख़ुशी हो रही है।

**VERSHA SINGH**
Publish: Sun, 04 Sep 2022 03:59 PM (IST)
Updated: Sun, 04 Sep 2022 03:59 PM (IST)



एस जयशंकर ने लान्च की अपनी पुस्तक

---

**राष्ट्रीय जागरण**

# विदेश मंत्री ने कहा–हमारे समुद्री हित प्रशांत महासागर से भी जुड़े हुए

अहमदाबाद, प्रेट्र : जब हम भारत के समुद्री हितों पर बात करते हैं तो हमारा नजरिया केवल हिंद महासागर तक ही सीमित नहीं होता, हम प्रशांत महासागर क्षेत्र की भी बात कर रहे होते हैं। हम जो भी रणनीति बनाते हैं वह हिंद-प्रशांत महासागर क्षेत्र को ध्यान में रखते हुए बनाते हैं। इस क्षेत्र को केंद्र में रखकर पूरी दुनिया रणनीति तैयार कर रही है। यह कहना है विदेश मंत्री एस जयशंकर का। वह अपनी पुस्तक- द इंडिया वे : स्ट्रैटजीज फार एन अनसर्टेन वर्ल्ड के गुजराती में अनुवाद के विमोचन समारोह में बोल रहे थे।

जयशंकर ने कहा, पांचवीं सबसे बड़ी अर्थव्यवस्था वाले देश के रूप में भारत का आत्मविश्वास प्रदर्शित करना है। अमेरिका के साथ मिलकर, चीन का इंतजाम करते हुए, यूरोप से लाभ लेते हुए, रूस को आश्वस्त करते हुए, जापान को साथ लाते हुए भारत को कार्य करना है। सबका साथ और सबका विश्वास, यही भारत की विदेश नीति है। इसलिए जब हम समुद्री हितों की बात करते हैं तो वह कई समुद्रों की बात होती है। यह हमारे सोच की बढ़ी सीमाओं का प्रतीक है। विदेश मंत्री ने कहा, हमारा 50 प्रतिशत से ज्यादा व्यापार पूर्व की ओर होता है। यह माल प्रशांत महासागर के जरिये जाता है। ऐसे में हमारा उसके विषय में सोचना स्वाभाविक है। यह हिंद महासागर से मिला हुआ समुद्री क्षेत्र है। हमारे हितों का दायरा अब बढ़ रहा है, इसलिए हमें सोच का दायरा भी बढ़ाना होगा। अपनी पुस्तक के एक अध्याय पर चर्चा करते हुए जयशंकर ने कहा, हम दूसरे देशों की समस्याओं में हस्तक्षेप नहीं करते थे। यह स्थिति 1950-1960 के समय थी। तब हम हस्तक्षेप करने की हैसियत में नहीं थे। लेकिन अब जबकि हम दुनिया की पांचवीं अर्थव्यवस्था वाले देश बन गए हैं, तब हमें सोच बदलना होगा।



अहमदाबाद में अपनी पुस्तक 'इंडिया वे : स्ट्रेटजीज फार एन अनसर्टेन वर्ल्ड' के गुजराती अनुवाद संस्करण के अनावरण के अवसर पर संबोधित करते विदेश मंत्री ● प्रेट्र

- सबका साथ–सबका विश्वास आधारित है भारत की विदेश नीति
- पांचवीं अर्थव्यवस्था वाला देश बनकर सोच का दायरा बढ़ाना होगा

THE INDIAN EXPRESS, MONDAY, SEPTEMBER 5, 2022



# EAM: Should change idea that India shouldn't interfere in global issues

EXPRESS NEWS SERVICE
AHMEDABAD, SEPTEMBER 4

THE IDEA that India should not "interfere" in emerging problems of the world is a dogma of the Indian foreign policy that should change, External Affairs Minister (EAM) S Jaishankar said in Ahmedabad Sunday.


His remarks came as he was delivering a lecture after releasing the Gujarati translation of his book "The India Way: Strategies for an Uncertain World".

"If some problem arises in the world, we should not interfere in it. This, too, is a sort of a dogma. Maybe in 1950-60, we did not have the capability. We had our own interests. But now, just a few days back, we have reached number five in the world in economy. The thinking of an entity which is at number 20 and the one who is at number five cannot be the same," Jaishankar said at the event.

"The change as per our capabilities and the expression of confidence is not there because the old habits keep us tied up...Our challenge is if the world will define us or we will define ourselves," he added.

The function was jointly organised by Bharatiya Vichar Manch, Foundation for Public Awareness and Policy and R R Sheth & Company at Ahmedabad Management Association in the city.

The EAM also talked about a particular chapter in his book which said it is time for India "to engage America, manage China, cultivate Europe, reassure Russia, bring Japan into play, draw neighbours in, extend the neighbourhood and expand the traditional constituencies of support. As the world is changing we need to change, old prejudices will not work."




MEA S Jaishankar at the launch of the Gujarati translation of his book 'The India Way: Strategies for an Uncertain World' in Ahmedabad on Sunday. *Nirmal Harindran*

Delivering his lecture on the book, Jaishankar stated that there was a specific concept about foreign policy in Delhi that can be called dogma and which was challenged by Prime Minister Narendra Modi after he took oath as the PM for the first time in 2014 by inviting heads of various neighbouring countries.

"There is a specific thinking, concept or nature in Delhi on how to deal with the world. How to change it?" Jaishankar said.

On change about India's foreign policy, Jaishankar laid special emphasis on considering and acknowledging Japan's importance in the world. He also laid emphasis on changing our mindset and expanding our limits while considering India's maritime interests.

"So far, whenever we think about oceans, we think about the Indian ocean. It is our limitation that whenever we think of maritime interest, we talk about the Indian ocean. Currently, if you see, more than 50 per cent of our trade is going towards the East, in the Pacific ocean. The line bifurcating the Indian ocean and Pacific ocean is there somewhere on a map or on an atlas; there is nothing like that in reality," Jaishankar said.

"In a way, we should cross the historic border. Our interests have expanded now. Indo-Pacific is, in a way, a new strategic concept in the world."

Jaishanker referred to a paragraph in his book, where he compared India's foreign policy as similar to "the policy of Sabka Saath, Sabka Vishwas."

"We have reached a level where to move forward our interests, we need to have relations with all as far as we can," he added.

The EAM made special mention of a chapter in his book in which he has talked about Mahabharat in the context of foreign policy. He added that there are similarities between Mahabharat and the current situation of the world.

After his speech, Jaishankar also held a question-answer session with the audience.

In reply to a question related to youths migrating to foreign countries marking a 'brain drain', Jaishankar said, "We are a democratic-globalised society. There are some prosperous societies in some places. Some families do have capabilities to move out. I do not think it appropriate or possible to prevent brain drain."

The EAM said those who are moving out can be called 'agents of change' since they too contribute to the progress of the country.

"I think that in a way such people are an asset in foreign policy. I am not saying that it should be promoted, but I will not stop it either...I consider it as a sort of challenge and a sort of asset. I think that this is anyway going to happen, then how should we take advantage of it," he added.

In reply to another question on controlling the population of the country, Jaishankar said India's population growth is falling sharply owing to various reasons like 'education, social awareness and prosperity'. He added that forced measures to control population can have dangerous consequences like gender balance disturbance and that its solution can only be democratic.

The event was also attended by Vijay Chauthaiwale, in-charge of Bharatiya Janata Party's Foreign Affairs Department, on dais with Jaishankar.

MAGZTER

@drbhagat

Clipped from - The Indian Express Ahmedabad - September 05, 2022
Read it digitally on the Magzter app

# ભારતીય વિચાર મંચ : કાર્યકર્તા અભ્યાસ વર્ગ - સુરત કેન્દ્ર

ભારતીય વિચાર મંચ, સુરત કેન્દ્ર દ્વારા તારીખ ૨૮/૦૮/૨૦૨૨ ને રવિવારના રોજ વીર નર્મદ યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ બિઝનેસ એન્ડ ઇન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટ વિભાગમાં 'કાર્યકર્તા અભ્યાસ વર્ગ' યોજાયો.




આ અભ્યાસ વર્ગમાં નવસારી, વલસાડ, સૂરત અને ભરૂચ એમ ૪ કેન્દ્રોના મળી ને કુલ ૪૬ કાર્યકર્તાઓ હાજર રહ્યા.

સવારે ૧૦.૩૦ થી  બપોર ના ૪.૩૦ સુધી આ અભ્યાસવર્ગ કુલ ચાર સત્રમાં યોજવામાં આવ્યો હતો.

સત્રની શરૂઆતમાં સૂરત શહેરના અધ્યક્ષ વૈદ્ય મેધાબહેન દ્વારા સૂરતની નવી ટીમની જાહેરાત કરવામા આવી.

અધ્યક્ષ : ડો.મેધાબેન પટેલ<br>
ઉપાધ્યક્ષ : ડો.અરવિંદભાઈ દુધાત<br>
મંત્રી : શ્રી અલ્પેશભાઈ સાંકળિયા<br>
સહ-મંત્રી : શ્રી દિવ્યેશભાઈ લક્કડ

અન્ય જવાબદારી પૂર્વવર્તી રૂપે જ રહેશે એવી જાહેરાત પણ કરી.

પ્રથમ સત્ર

ગુજરાત પ્રાંત સહ મંત્રી શ્રી કેતનભાઈ શાહ દ્વારા બદલાતા વૈચારિક પ્રવાહોમાં ભારતીય વિચાર મંચ ની શું ભૂમિકા રહી છે તે વિષયને ઉંડાણપૂર્વક પ્રતિભાગી સમક્ષ મૂક્યો. વિષયના અંતે અમુક નિશ્ચિત સવાલો સંદર્ભે ચર્ચા પણ કરવામાં આવી. વિષયમાં મુખ્યત્વે કાર્યકર્તાના વિશેષ ગુણ એટલે કે CCC એટલે કે , communication, convincing અને committment ના આધારે વાત કરી.

ઉપરાંત મંચનું કાર્ય જે પ્રબુદ્ધ વર્ગ સાથે સંવાદ કરવાનું છે, એ લોકોમાં attitude dilevery નું શું મહત્વ છે તે સમજાવ્યું. ભારતને વિશ્વ શક્તિ નહિં પણ વિશ્વ ગુરુ બનાવવાનું ધ્યેય હોવું જોઈએ. મંચનો મુખ્ય આધાર રાષ્ટ્રીય વિચાર હોવો જોઈએ.




બીજું સત્ર
બે ભાગમાં થયુ.

પહેલાં ભાગમાં દરેક કેન્દ્રના અધ્યક્ષ/ઉપાધ્યક્ષ/મંત્રી/સહમંત્રી સાથે શ્રી કેતનભાઈએ ચર્ચા કરી. જેમાં કાર્યની વર્તમાન સ્થિતિ ઉપર વિશેષ વિચાર થયો. શ્રી અનિલજી ગોયલ આ સત્રમાં સાથે હતા.

શ્રી હરેશભાઈ પટેલ અને શ્રી પંકજભાઈ પુરોહિતે અન્ય કાર્યકર્તાઓ સાથે કાર્યકર્તામાં અપેક્ષિત ગુણ, કાર્યકર્તાનું ધ્યેય અને કાર્યકર્તાની કાર્યપ્રણાલીમાં અંગે વ્યાખ્યાન અને પ્રશ્નોતરીના માધ્યમથી માર્ગદર્શન આપ્યું હતું.

ત્રીજું સત્ર

કાર્યકર્તા સમૂહે ચાર ભાગમાં વહેંચાઈને નીચે પ્રમાણેના વિષયો ઉપર ચર્ચા કરી.

૧. હિંદુ - મુસ્લિમ સમસ્યા અને નિરાકરણ.
૨. ભારતીયતાની પુનઃસ્થાપના માટે આપણે શું કરી શકીએ ?
૩. લોકતંત્રની હાલની સ્થિતિ અને તેનું ભવિષ્ય.
૪. ભારતીય કુટુંબ વ્યવસ્થા : હાલની સ્થિતિનું મૂલ્યાંકન અને આગામી દિશા.

ચર્ચાના અંતે દરેક સમૂહમાંથી એક કાર્યકર્તા દ્વારા થયેલ ચર્ચાનું વિસ્તૃત વૃતાંત રજૂ કરવામાં આવ્યું અને એ વૃતાંતના સંદર્ભે પણ ચર્ચા કરવામાં આવી.

ચોથું સત્ર: મુક્ત ચિંતન અને સમાપન

વિવિધ કાર્યકર્તાઓ દ્વારા પ્રશ્ન અને સૂચનના રુપમાં અલગ અલગ વિષયો પર વિમર્શ થયો.

સત્રના અંતે સમાપન શ્રી પંકજભાઈ પુરોહિત દ્વારા કરવામાં આવ્યું. જેમાં મંચના મુખ્ય ઉદ્દેશ અને વિચારની પ્રાધાન્યતા ઉપર ખૂબ સચોટ માર્ગદર્શન આપવામાં આવ્યું. ભારતીય વિચાર એ મહત્વનો છે એને મજબૂત કરવા ઉપર વિશેષ ધ્યાન આપવું તથા મંચના સંગઠન અને કાર્ય કરવાની પ્રણાલી ઉપર પણ ખૂબ ઉંડાણપૂર્વક માર્ગદર્શન આપ્યું.

આ અભ્યાસ વર્ગ, તેમાં જોડાયેલા દરેક કાર્યકર્તા માટે ખૂબ મહત્વપૂર્ણ અને સમજણ વિકસિત કરનારો રહ્યો.

# ભારતીય વિચાર મંચ : કાર્યકર્તા અભ્યાસવર્ગ
# વડોદરા, આણંદ, ગોધરા, દાહોદ અને ભાવનગર કેન્દ્ર

ભારતીય વિચાર મંચ દ્વારા શ્રાવણ સુદ દશમી, વિક્રમ સંવત ૨૦૭૮, તા. 07 ઓગસ્ટ ૨૦૨૨, રવિવારના રોજ હોટેલ ગ્રાન્ડ નક્ષત્ર, ગણેશ ચોકડી પાસે, આણંદ મુકામે એક કાર્યકર્તા અભ્યાસ વર્ગ યોજાઇ ગયો. જેમાં વડોદરા, આણંદ, ગોધરા, દાહોદ અને ભાવનગર એમ પાંચ કેન્દ્રો પરથી ૪૨ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. વર્ગમાં માર્ગદર્શન માટે પ્રજ્ઞા પ્રવાહના અખિલ ભારતીય સહસંયોજક મા. શ્રીકાંતજી કાટદારે, ભારતીય વિચાર મંચના પ્રાંત મંત્રી શ્રી ઇશાનભાઇ જોશી, પ્રાંત સહમંત્રી શ્રી પંકજભાઇ પુરોહિત, ભારતીય વિચાર મંચ આણંદ જિલ્લાના અધ્યક્ષ શ્રી રાજેશભાઇ પરીખ ઉપસ્થિત રહ્યા હતા.



વર્ગમાં પ્રથમ સત્ર સવારે ૧૦.૩૦ થી ૧૧.૩૦ દરમિયાન હતું, જેના પર શ્રી ઇશાનભાઇ જોશીએ 'બદલાતા વૈચારિક પ્રવાહોમાં ભારતીય વિચાર મંચ' વિષય પર ચર્ચા કરી માર્ગદર્શન આપ્યું હતું. ત્યારબાદ ૧૧.૪૫ થી ૧૩.૦૦ – દરમિયાન બીજું સત્ર બે જૂથમાં થયું હતું. જેમાં જૂથ -૧માં મંત્રી, સહમંત્રી, અધ્યક્ષ, ઉપાધ્યક્ષ કક્ષાના કાર્યકર્તાઓએ મંત્રી, સહમંત્રી, અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ દ્વારા કાર્યની ચિંતા, સહભાગ અને ગતિવિધિ અને બીજા જૂથમાં અન્ય કાર્યકર્તાઓએ મંચનું કાર્ય, તેની દિશા, પોતાનો સહભાગ અને ગતિવિધિ વિષય પર પોતાના જિલ્લામાં થયેલ કાર્યનું ચિંતન અને સમીક્ષા કરી હતી.





ભોજન બાદ ત્રીજું સત્ર પણ ૧. હિંદુ - મુસ્લિમ સમસ્યા અને નિરાકરણ , ૨. ભારતીયતાની પુનઃસ્થાપના માટે આપણે શું કરી શકીએ ? , ૩. લોકતંત્રની હાલની સ્થિતિ અને તેનું ભવિષ્ય અને ૪. ભારતીય કુટુંબ વ્યવસ્થા : હાલની સ્થિતિનું મૂલ્યાંકન અને આગામી દિશા., એમ ચાર જૂથમાં થયું હતું. જેમાં જૂથમાં આપેલ વિષય પર ખૂબ જ સરસ રીતે ચર્ચા થઈ તથા ચર્ચા પ્રવર્તક દ્વારા પોતાના જૂથમાં થયેલી ચર્ચાનું વૃત્ત પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. અંતિમ સત્રમાં મુક્ત ચિંતન અને ત્યારબાદ મા. શ્રીકાંતજી કાટદારે દ્વારા સમાપન માર્ગદર્શન આપવામાં  આવ્યું હતું. વર્ગ ખૂબ જ સક્રિય ભાગીદારી સાથે સંપન્ન થયો.

<u>ભારતીય વિચાર મંચ : કાર્યકર્તા અભ્યાસવર્ગ</u>

<u>સૌરાષ્ટ્રનાં પાંચ કેન્દ્રનો અભ્યાસ વર્ગ</u>

તા. ૨૮ ઓગસ્ટ, ૨૦૨૨ રવિવારના રોજ સૌરાષ્ટ્રનાં પાંચ કેન્દ્રનો અભ્યાસ વર્ગ મોરબી ખાતે યોજાઈ ગયો.
ચાર સત્રના આ વર્ગમાં પ્રજ્ઞા પ્રવાહના અખિલ ભારતીય સહસંયોજક મા. શ્રીકાંતજી કાટદરે અને ભારતીય વિચાર મંચના પ્રાંત ઉપાધ્યક્ષ શ્રી સુભાષભાઈ ભાવસાર, પ્રાંત સહમંત્રી શ્રી મદનલાલ નાહટા ઉપસ્થિત રહ્યા.




પ્રથમ સત્રમાં વર્ગોનું મહત્વ, અને પ્રાંતની યોજના વિશે મદનભાઈએ વર્ગ પ્રારંભ કરાવીને વાત કરી. પછી મા. શ્રીકાંતજીનું ઉદ્બોધન રહ્યું.
બીજા સત્રમાં કેન્દ્રોના અધ્યક્ષ, ઉપાધ્યક્ષ, મંત્રી અને સહમંત્રીના સમૂહમાં (જેમાં ૧૧ સંખ્યા હતી) મદનભાઈ તથા અન્ય સમૂહ (જેમાં ૨૫ સંખ્યા હતી) માં શ્રી સુભાષભાઈએ વિષય લીધા.
ભોજન ઉપરાંત ત્રીજા સત્રમાં ચાર સમૂહમાં ચર્ચાસત્ર રહ્યાં. જેમાં પ્રાંતે નક્કી કરેલા વિષય ઉપર ખૂબ સરસ રીતે ચર્ચા થઈ.



અંતિમ ચોથા સત્રમાં પ્રશ્નોત્તરીનો પ્રથમ ભાગ પણ એકંદરે સારો રહ્યો. અંતમાં મા. શ્રીકાંતજીનું પાથેય સહુને મળ્યું. કેટલાક લોકોથી વર્ગનો પ્રતિભાવ મેળવ્યો.
વર્ગમાં ખૂબ સારું પ્રશિક્ષણ રહ્યું એવુ બધાનું મંતવ્ય રહ્યું. છેલ્લે અલ્પાહાર પછી સાંજે સાડા પાંચે સહુ છુટા પડ્યા.



# <u>ભારતીય વિચાર મંચ : નવસારી કેન્દ્ર</u>

## <u>જાહેર વ્યાખ્યાન</u>

“સ્વાધીનતા સે સ્વતંત્રતા કી ઔર”

ભારતીય વિચાર મંચ, નવસારી અને સયાજી વૈભવ સાર્વજનિક લાઇબ્રેરીના સંયુક્ત ઉપક્રમે 'આઝાદી કા અમૃત મહોત્સવ' અંતર્ગત દિનાંક ૧૩ ઓગસ્ટ ૨૦૨૨, સવંત ૨૦૭૮ શ્રાવણ વદ બીજના શનિવારના દિવસે સાંજે ૪:૦૦ કલાકે રામજી મંદિર, નવસારી ખાતે ભારતીય ઈતિહાસ સંકલન સમિતિના મહામંત્રી શ્રી હસમુખભાઈ જોષીનું જાહેર વ્યાખ્યાન “સ્વાધીનતા સે સ્વતંત્રતા કી ઔર” વિષય પર યોજવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં રા.સ્વ.સંઘના નવસારી જિલ્લા સંઘ સંચાલક શ્રી રાજેન્દ્રજી અધ્યક્ષ સ્થાને ઉપસ્થિત રહ્યા હતા અને વિષયની પ્રસ્તાવના રજૂ કરી હતી.





સયાજી વૈભવ પુસ્તકાલય ના અધ્યક્ષ શ્રી જયપ્રકાશજી મહેતા કાર્યક્રમનાં અતિથિ વિશેષ હતા. આ વિચાર ગોષ્ઠીમાં નવસારી અને બીલીમોરા નગરમાંથી ડોક્ટરો, શાળા અને કોલેજનાં આચાર્યશ્રીઓ, કોલેજ પ્રાધ્યાપકો તેમજ શાળા શિક્ષકો મળી ૧૫૦ થી ૨૦૦ પ્રબુદ્ધ શ્રોતાજનની ઉપસ્થિત રહી હતી. વક્તા આદરણીયશ્રી હસમુખજી દ્વારા વિષય વસ્તુની રજૂઆત, ભારતનો સાચો ઇતિહાસનાં દ્રષ્ટાંતો સહિત જ્ઞાનસભર અને ખુબ જ સુંદર રહી હતી. તાત્યાટોપે કે જેઓ નવસારીના દુધીયા તળાવ વિસ્તારમાં આવેલા રામજી મંદિરમાં ટહેલદાસ મહારાજ તરીકે રહ્યા હતા અને ટહેલદાસ મહારાજ નવસારી આવ્યા તે પહેલા તેઓ ગાંગરોલની ઝાડીમાં કેટલોક સમય રહ્યા હોવાનું સાધુ પરંપરામાંથી આધારભૂત રીતે જાણવા મળે છે. વ્યાખ્યાનને અંતે શ્રોતાજન દ્વારા પ્રશ્નો પણ થયા હતા અને સમોચિત પ્રતિઉત્તરથી તેમનું સમાધાન કર્યું હતું. स्वराज @ 75 પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું અને શ્રી અનિલભાઈ ગોયલે પુસ્તકનો પરિચય કરાવ્યો હતો. સમગ્ર કાર્યક્રમ નવસારી જિલ્લા અને નગરની ટીમના કાર્યકર્તાઓની અથાગ મહેનત થકી સફળ રહ્યો. કુલ રૂપિયા ૪૭૬૦/- નું પુસ્તક વેચાણ થયું.





## ભારતીય વિચાર મંચ : યુવા આયામ

## ગોધરા કેન્દ્ર






# <u>ભારતીય વિચાર મંચ, ભાવનગર કેન્દ્ર</u>
# <u>યુવા તથા સાહિત્ય આયામ</u>

ભારતીય વિચાર મંચ, ભાવનગર કેન્દ્ર, યુવા તથા સાહિત્ય આયામ દ્વારા ભાવનગર યુનિવર્સિટી દ્વારા આયોજિત "રન ફોર તિરંગા" રેલી ના સમાપન સ્થળ પર JoinBVM તથા આપણા સાહિત્યનો સ્ટોલ ઉભો કરવામાં આવ્યો હતો.




આ સ્ટોલ ઉપરથી વિચાર મંચના પરિચયની ૧૧૦૦ પત્રિકાઓનું વિતરણ તથા અન્ય પુસ્તકોનું વેચાણ થયું. આ સ્ટોલ ઉપર વિચાર મંચમાં રસ ધરાવતા ૨૭૬ વિધાર્થીઓ (૨૩૧ ભાઈઓ, ૪૫ બહેનો)એ પોતાનાં નામ તથા નંબર લખાવ્યા જેથી આપણે એમને આપણા ભવિષ્યના કાર્યક્રમોની સૂચના આપી શકીએ.

પ્રાધ્યાપક આયામના પ્રયાસોથી ઉભા થયેલા આ સ્ટોલની યુનિવર્સિટીના પ્રાધ્યાપકો અને અન્ય પ્રતિષ્ઠિત વ્યક્તિઓએ મુલાકાત લીધી. કાર્યક્રમ અપેક્ષા કરતાં પણ વધારે સફળ રહ્યો.



# ભારતીય વિચાર મંચ, ભાવનગર કેન્દ્ર- વિચાર-ગોષ્ઠિ

ભારતીય વિચાર મંચના ભાવનગર કેન્દ્ર દ્વારા "ભારત સંવાદ" શ્રેણી અંતર્ગત પૂર્વ-સાંસદ મા રાજેન્દ્રસિંહ રાણા (Rajendrasinh Rana - Raju Rana) દ્વારા પ્રસ્તુત, "વિદેશની ધરતી પર થી લડાયેલો ભારતનો સ્વાધીનતા સંગ્રામ" વિષય પર વિચાર-ગોષ્ઠિ યોજાઈ.





ભારત સંવાદમાં ભાવનગરના ૭૩ પ્રબુદ્ધજનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન વિચાર મંચના પ્રાધ્યાપક આયામના સહ-સંયોજક ડૉ. હિરેનભાઈ ચાવડાએ કર્યું હતું.

કાર્યક્રમમાં સાહિત્ય આયામ તરફથી રાખવામાં આવેલા સ્ટોલ ઉપરથી કેટલાંક પુસ્તકોનું વેચાણ પણ થયું હતું.








# <u>પુસ્તક પરિચય</u>

<u>हिन्दू राजनीति : राष्ट्रीय विचारकों के द्वि-दिवसीय बहुआयामी चिंतन के निष्कर्ष</u>




પંડિત દિનદયાળ ઉપાધ્યાયે અન્ય દેશોના રાજનૈતિક વિચાર અને અન્ય દેશોમાં રાજનીતિના સ્થાન તથા ભારતીય રાષ્ટ્રજીવનમાં રાજનીતિના સ્થાનને સ્પષ્ટ કરતા કહ્યું છે, "વિશ્વની અન્ય તમામ રાજનિતિક, સામાજિક સંરચનાઓ રાજનીતિને જ કેન્દ્ર માનીને નિર્માણ થઇ હોવાના કારણે ત્યાં સ્વાભાવિક રૂપે જ રાજનીતિ સર્વોપરી છે અને બધી રચનાઓ તેના રક્ષણ, પોષણ, સંવર્ધન માટે બની છે. મનુષ્યના તથા સમાજના દરેક આયામોનો નિર્ણય રાજનીતિ જ કરે છે. ભારતીય ચિંતનમાં અન્ય ચિંતન પરંપરાઓ કરતાં અંતર એ છે કે ભારતીય મનીષાએ સમાજને સ્વયંભુ અને સર્વોપરી માન્યો છે અને સામાજિક જીવનના વિવિધ આયામોની જેમ રાજનીતિ પણ સમાજના રક્ષણ, પોષણ, સંવર્ધન માટે નિર્માણ થઈ છે."

આ ધારણાને કેન્દ્રમાં રાખીને આપણી રાજનૈતિક રચનાઓ કેવી બની, ભારતીય સમાજ જીવનની પ્રદીર્ઘ યાત્રામાં આ દ્રષ્ટિએ અનેક રાજનૈતિક પદ્ધતિઓનો વિકાસ થયો. અનેક પ્રયોગ થયા. તેની કેટલી અને કેવી વિશેષતાઓ અને વિવિધતાઓ હતી, સમાજ જીવનના કયા અંગ તેને કઈ પદ્ધતિથી નિયંત્રિત કરતાં હતાં ? કયા પ્રકારે તેની પાસે સમાજ જીવનના અન્ય અંગોની પુષ્ટિની અપેક્ષા કરવામાં આવતી હતી અને તે પૂરી ન કરનારી રાજનીતિને કઈ દ્રષ્ટિથી જોવામાં આવતી હતી ? વગેરે બાબતોની ચર્ચા અનેક વિદ્વાનો દ્વારા, ભારતીય વિચાર મંચ દ્વારા પ્રતિવર્ષની જેમ માર્ચ, ૨૦૧૭ દરમિયાન યોજાયેલ દ્વિ-દિવસીય રાષ્ટ્રીય સંગોષ્ઠિના વિષય 'હિંદુ રાજનીતિ' અંતર્ગત કરવામાં આવી.

કેરળથી પધારેલ પ્રસિદ્ધ ચિંતક તથા સમર્પિત કર્મશીલ શ્રી રંગાહરીજીએ પોતાના વિદ્વતાપૂર્ણ બીજ ભાષણમાં સમગ્રતાથી ચર્ચા કરતાં વિષયના ભૂમિકા બાંધી. ત્યારબાદ ઇતિહાસવિદ ડૉ. શરદ હેબાળકર, રાજનીતિક વિશ્લેષક શ્રી રાકેશ મિશ્રા, ડૉ. રજનીશ શુક્લ રાજનીતિશાસ્ત્રના પ્રાધ્યાપક તથા અધ્યયનશીલ કટાર લેખક ડૉ. શંકર શરણ, પ્રસિદ્ધ પર્યાવરણવિદ તથા કેન્દ્રીય પર્યાવરણ મંત્રી ડૉ. અનિલ માધવ દવે તથા યોદ્ધા રાજનીતિજ્ઞ ડૉ. સુબ્રમણયમ સ્વામીએ વિષયના વિવિધ આયામોને સમૃદ્ધ બનાવ્યા. અંતમાં પુણેથી પધારેલા સેવાનિવૃત પ્રાચાર્ય તથા રા.સ્વ. સંઘના અખિલ ભારતીય સંપર્ક પ્રમુખ શ્રીમાન અનિરુદ્ધ દેશપાંડેએ વિષયના દરેક પાસાંઓનું સમાયોજન કરતાં આ બધા આયામો કેવી રીતે આપણા સમાજજીવનને પુષ્ટ કરતાં આવ્યાં છે અને હિંદુ રાજનીતિ કેવી રીતે વૈશ્વિક રાજનીતિ બની શકે તે સમજાવતાં સંગોષ્ઠિનું સમાપન કર્યું.


ભારતીય વિચાર મંચ દ્વારા આ તમામ વક્તવ્યોનું અનુલેખન પુસ્તક, 'हिन्दू राजनीति ' સ્વરૂપે પ્રકાશિત કરવામાં આવ્યું. જેના સારરૂપ નિમ્નલિખિત કેટલીક વાતો વાચકની વિચાર ચેતનાને અવશ્ય ઢંઢોળે છે.

ઉપલબ્ધ તથ્યોના આધાર પર પશ્ચિમી પરિભાષાઓનો પ્રયોગ કરીને પણ નિઃસંદેહ એવું કહી શકાય કે ભારતીય શાસન પ્રણાલીમાં ગણતંત્રનું શક્તિશાળી તત્વ વિધમાન હતું. એટલે સુધી કે એવી સભા-પરિષદો પણ હતી જે યુરોપીય પાર્લામેન્ટ પદ્ધતિ સાથે સામ્ય પ્રદર્શિત કરે છે. પરંતુ એ વિશેષ તત્વ ભારતની પોતાની પદ્ધતિનાં હતાં. એ આધુનિક સાંસદ અને ચૂંટાયેલા જનતંત્ર જેવી વસ્તુ બિલકુલ ન હતી. ભારતીય સમાજનું સંપૂર્ણ સંગઠન એક સર્વોપરી ધર્મચેતના અને ધર્મવ્યવહારને આધીન રહ્યું જેમાં રાજા અને પ્રજા બંને આવે છે.

ભારતવાસીઓના મનમાં વૈદિક કાળથી જ એક સદાચારી (= ધાર્મિક) અને આધ્યાત્મિક પ્રવૃત્તિની પ્રધાનતા રહી છે. ભારતીય માનસની વિશેષતા રહી છે કે તે જીવનના દરેક પક્ષો, અત્યંત બાહ્ય સામાજિક અને રાજનીતિક વ્યાપારોને પણ આધ્યાત્મિક અર્થ પ્રદાન કરવાનો અને તે માટે ધર્મનું અનુમોદન પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરતું રહ્યું છે. આ માનસ બધા વર્ગો અને કાર્યો માટે એક અનિવાર્ય આદર્શને સ્થાપના કરતું, જેમાં કેટલાક પ્રસંગોને બાદ કરતાં અધિકારો અને શક્તિઓનો નહીં, કર્તવ્યનો આદર્શ રહેતો. આ સદાચરણ, કર્તવ્યનિષ્ઠા જ અહીં ધર્મ કહેવાતો રહ્યો છે, નહીં કે કોઇક જડ સૂત્રો પરનો વિશ્વાસ.

# <u>ભારતીય વિચાર મંચ દ્વારા પ્રકાશિત ઉત્તમ સાહિત્ય હવે ઓનલાઇન પણ ઉપલબ્ધ</u>

સમાજ અને રાષ્ટ્ર જીવન માટે મહત્વપૂર્ણ વિષયો પર ગહન અભ્યાસપૂર્ણ સામગ્રી... હવે આંગળીના ટેરવે.




વિશુદ્ધ વૈચારિક ભાથું પીરસતું સમૃદ્ધ સાહિત્ય આજે જ મંગાવો... વાંચો...અને વંચાવો.

૧) રક્તરંજીત મધ્યપૂર્વ : ઇતિહાસ અને વર્તમાન

૨) આવરણ

3) ભારતીય જ્ઞાનનો ખજાનો

૪) અંગ્રેજી માધ્યમની ભ્રમજાળ : ભારતના વિકાસ માટે ભાષા આયોજન.

૫) भारत का राजा : महाभारत में राजत्व का परिप्रेक्ष्य।

૬) “વિનાશપર્વ : ભારત પર અંગ્રેજોનું રાજ”

૭) "હિંદુત્વ : વિભિન્ન પાસાં સરળતાથી”

૮) मुस्लिम सोचें

' ભારતીય વિચાર મંચ ' દ્વારા પ્રકાશિત પુસ્તકો, મંચની વેબસાઇટ:
https://vichar.org/books પરથી આજે જ ખરીદો.

# વિચાર બોધ
# એક સરસ ટૂંકી બોધ વાર્તા

## વિનમ્રતા

એક વાર નદીને પોતાના પાણીના પ્રચંડ વહેણ ઉપર અભિમાન થયું. તેને લાગ્યું કે મારામાં એટલી તાકાત છે કે હું પહાડ, મકાન, ઝાડ, પશુઓ, માનવ વગેરે બધાંને વહાવી લઈ જઈ શકું છું.

તેણે ઘણાં ગર્વીલા સ્વરે સમુદ્રને કહ્યું, "કહો જોઈએ, તમારા માટે શું તાણી લાવું? મકાન, પશુ, માનવ, વૃક્ષ જે કંઈ તમે કહેશો તે હું તમારા માટે મૂળ સહિત ઉખાડીને લઈ આવીશ! “

સમુદ્ર ને સમજાઈ ગયું કે નદીને અભિમાન આવી ગયું છે. તેણે નદીને કહ્યું, "જો તું મારા માટે કંઈક લાવવા જ ચાહતી હોય તો થોડું ઘાસ ઉખાડી લાવ."

નદીએ તોરમાં કહ્યું, "બસ, આટલું જ માંગ્યું! હમણાં જ લઈ આવું."

નદીએ પોતાના જળનું સઘળું જોર અજમાવ્યું. પણ ઘાસ તો ઉખડ્યું જ નહીં! નદીએ અથાગ પ્રયત્નો કર્યાં, પણ વ્યર્થ. આખરે નદી સમુદ્ર પાસે ગઈ અને બોલી, "હું વૃક્ષ, મકાન, પહાડ વગેરે તો ઉખાડીને લાવી શકું છું પણ જ્યારે જ્યારે ઘાસને ઉખાડી લાવવાની કોશિશ કરું છું ત્યારે ત્યારે એ નીચે તરફ ઝૂકી જાય છે અને મારે ખાલી હાથે તેની ઉપરથી પસાર થઈ જવું પડે છે."

સમુદ્રએ નદીની વાત ધ્યાનથી સાંભળી અને પછી હસતા હસતા કહ્યું, "જે પહાડ અને વૃક્ષની જેમ કઠોર હોય છે તે આસાનીથી ઉખડી જાય છે પણ ઘાસ જેવી વિનમ્રતા જેણે શીખી લીધી હોય, તેને પ્રચંડ આંધી - તોફાન કે પ્રચંડ વેગ પણ ઉખાડી શકતા નથી. "

જીવનમાં ખુશીનો અર્થ લડાઈઓ લડવી એમાં નથી, બલ્કે એમનાથી બચવામાં છે. કુશળતા પૂર્વક પીછેહઠ પણ ક્યારેક જીતનું કારણ બને છે. અભિમાન ફરીશતાઓને પણ શેતાન બનાવી દે છે અને વિનમ્રતા સાધારણ મનુષ્યને પણ ફરીશ્તો બનાવી દે છે.

# Join BVM (ભારતીય વિચાર મંચ)

**વિચાર સર્વોપરી છે. વિચારો વ્યક્તિની ચેતનાના સ્તરને અસર કરે છે. તેથી દરેક વિચાર યોગ્ય દિશામાં અને અસરકારક પ્રસ્તુતિ સાથે સર્જનાત્મકતાનું પ્રથમ પગલું છે. ભારતીય વિચાર મંચ માને છે કે આ સંપૂર્ણ વિચાર પ્રક્રિયા આપણા સમાજ અને સંસ્કૃતિનું ચાલક બળ છે.**

**ભારતીય વિચાર મંચ આ વૈચારિક આંદોલનનું નેતૃત્વ કરી રહ્યું છે. ભારતીય વિચાર મંચ આપ સૌને આ વૈચારિક ચળવળનો એક ભાગ બનવા નિવેદન કરે છે, અને "કાર્યકર્તા" બનીને આ વૈચારિક ચળવળમાં તમારો ટેકો આપશો.**

**ભારતીય વિચાર મંચના કાર્યકર્તા બનવા માટે નીચેની લિંક દ્વારા તમારી માહિતી શેર કરીને મંચ માં જોડાઇ શકો છો**

**https://forms.gle/mrueb1RyFh4UthxdA**

***

આપના પ્રતિભાવો અહીં આપેલ ઈમેલ : bvmguj@gmail.com અથવા વૉટ્સએપ નંબર : 7405862697 ઉપર આપ મોકલી શકશો.